- નામ :- શ્રીમતી શેતલબેન બી. ખૈર
- આણંદ એજ્યુકેશન કોલેજ,આણંદ
- વિષય :- LPC -1

ગુજરાતી ભાષા

# વાદાત્મક ગદ્ય

- વાદ + આત્મક  ગદ્ય
- વાદવિવાદથી ભરેલો ફકરો/ગદ્ય એટળે વાદાત્મક ગદ્ય
- પોતાના પક્ષનું સમર્થન કરતાં હોય તેવી રીતની રજૂઆત

➢ **મુદ્દા :-**

✓ વાદ-વિવાદ કરનારું ગદ્ય/તર્ક
✓ સમર્થન આપવાનું છે.
✓ દલીલ કરવી જરૂરી
✓ સામે વિરોધ પક્ષ છે
✓ અંતે તારણ રજૂ કરવું.

## ➢ વાદાત્મક ગદ્ય માં મૂકવા માટેના વાક્યો.

- એમાં કોઈ શંકા નથી.
- એ વિષે સો સંમત છે.
- એ વિષે વિરોધીઓ પણ સંમત છે.
- એની વિરુધ્ધમાં કોઈ દલીલ નથી.
- એ તો દીવા જેવુ સ્પષ્ટ છે.
- એ તો નગ્ન સત્ય છે.
- એમાં સંકાને સ્થાન જ નથી.
- એ તો સર્વવિદિત છે.
- એ તો સ્વીકાર્ય બાબત છે.
- એ તો એકને એક બે જેવી વાત છે.
- હાથ કંકણને આરસીની શી જરૂર?

- ઉપરોક્ત વાક્યો એ પૂર્ણ વાક્યો નથી પરંતુ ફકરાની અંદર જ્યારે લખવાનું થાય દલીલ સ્વરૂપે ત્યારે વાક્યની આગળ કે પાછળ ગોઠવી શકાય તે માટેના વાક્યો છે.
- ફકરામાં ઉપયોગ કરવા માટેના વાક્યો છે જેથી વાદાત્મક ગદ્ય આકર્ષક બનશે.
- પ્રશ્નાર્થવાળું વાક્ય બનાવવું.

➢ **વાદાત્મક ગદ્ય નું ઉદાહરણ :-**

ભારત વિશ્વગુરુ દેશ છે. આપણો દેશ મહાન અને પુરાતન સંસ્કૃતિની ધરોહર છે. ઇતિહાસ પ્રમાણે વિશ્વમાં શિક્ષણમાં બીજ રોપનાર ભારત છે. અહિ જ વિવિધાતામાં એકતા જોવા મળે છે. ભારત આધ્યાત્મિકતામાં પણ શ્રેષ્ઠ છે આ બધુ જ ભારતને મહાન રાષ્ટ્ર બનાવે છે.

- **વાદાત્મક ગદ્ય :-**

હવે તો આખું વિશ્વ એ વાત સ્વીકારે છે કે ભારત એ વિશ્વગુરુ દેશ છે. ભારત જેવી મહાન અને પુરાતન સંસ્કૃતિ બીજા કયા દેશની છે? વિશ્વનો ઇતિહાસ પણ પુરાવો આપે છે કે શિક્ષણ પ્રક્રિયાની શરૂઆત સૌ પ્રથમ ભારતમાં જ થઈ હતી, ભારત જેવી વિવિધાતામાં એકતા બીજા કયા દેશમાં છે? એમાં કોઈ શંકાને સ્થાન નથી કે ભારત સર્વોત્તમ આધ્યાત્મિક દેશ છે આ બધી વસ્તુઓ હોવાનો પુરાવો છે કે મારુ ભારત મહાન હતું, મહાન છે. અને હંમેશા મહાન રહેશે.

# ભાવાત્મક ગદ્ય

- ભાવનાથી, લાગણીથી ભરેલો ફકરો એટલે ભાવાત્મક ગદ્ય

➢ **મુદ્દા :-**

✓ શબ્દયાદી-વિષય

✓ કોઈ ઘટના, પ્રસંગ, કોઈ પાત્રની મનોદશા, દૂ:ખદ કે કરૂણ બનાવ, જીવનમાં શ્રમ, પ્રાર્થના, અહિંસા, શિસ્ત જેવી બાબતોનું મહત્વ. અકસ્માતનું દ્રશ્ય, ઉજવણી, સમસ્યા, સમારંભ, મુલાકાત

✓ ભાવના-લાગણીસર વાકયોનો ઉપયોગ કરવો

✓ પૂર્ણવિરામ કરતાં ઉદગારચિન્હોનો ઉપયોગ વધારે કરવો

✓ અંત હંમેશા ઉદગાર કે પ્રશ્નસૂચક વાક્યથી કરવો

✓ ગદ્યમાં અંગતતાનો સ્પર્શ વધુ થવો જોઈએ.

- **<u>શબ્દયાદી :-</u>**

પ્રાર્થના, હૃદયનું સ્નાન, હૃદયનો ખોરાક, વાતાવરણ, ભગવાનનું સાનિધ્ય, આત્મીયતા, આત્મપરાયણતા, નવું ચૈતન્ય, મહાન મૂડી, ધીરજ, નવી આશા....

- પ્રાર્થના એ એક રીતે હૃદયનું સ્નાન છે. અને બીજી રીતે હૃદયનો ખોરાક પણ છે. પ્રાર્થનાના વાતાવરણમાં જો આપણે તલ્લીન થઈ શક્યાં તો હૃદયમાં ભેગા થયેલ અનેક કુસંસ્કારો અને મલિન સંકલ્પો ધીમે-ધીમે ઓગળી જાય છે અને શુભ સંકલ્પો મજબૂત તથા વિકસિત થતાં જાય છે. પ્રાર્થનામાં આપણે કશું માગીએ કે ન માગીએ ભગવાનના સાનિધ્યમાં આપણે ઊભા રહીએ એટલે આખું વાતાવરણ એની મેળે પવિત્ર થતું જાય છે. સમૂહમાં કરેલી પ્રાર્થના દ્વારા એમાં ભાગનારા લોકો વચ્ચે એક જાતની આત્મીયતા અને

આત્મપરાયણતા પેદા થઈ શકે છે. સમાજ અનેક રીતે ઘડેલો હોય, હારેલો હોય અને છિન્નભિન્ન થયો હોય તોયે એમાં નવું ચૈતન્ય પેદા કરવા પ્રાર્થના સમર્થ છે. પ્રાર્થના માણસજાતની છેલ્લી અને મહાન મૂડી છે. બાકી કશું ન રહ્યું હોય તોય પ્રાર્થના આપણને ધીરજ અને નવી આશા આપી શકે છે.

# THANK YOU